**કમિશનર, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગુજરાત રાજય, ગાંધીનગર હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ માટે ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં "મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ)" ની કરાર આધારીત ફીકસ પગારથી ઓનલાઈન ભરતી અંગેની જાહેરાત**

કમિશનર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય, ગાંધીનગર હસ્તકની સરકારી આદર્શ નિવાસી શાળાઓ માટે ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં **"મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ)"** ની નીચે જણાવેલ વિષયની ૬૬ ખાલી જગ્યાઓ પ્રવર્તમાન નિયમો મુજબ પાંચ વર્ષ માટે માસિક રૂ.૩૮,૦૯૦/- ફીકસ પગારથી સીધી ભરતીના ધોરણે ભરતી કરવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| વિષય | જગ્યાની કુલ સંખ્યા | જાતિવાર ભરવાની થતી અનામત જગ્યાઓની વિગત | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુ. જાતિ | | અનુ. જનજાતિ | | સા.શૈ.પ.વ. | | બિન અનામત | | કુલ | |
| | | પુરૂષ અથવા મહિલા | મહિલા | પુરૂષ અથવા મહિલા | મહિલા | પુરૂષ અથવા મહિલા | મહિલા | પુરૂષ અથવા મહિલા | મહિલા | પુરૂષ અથવા મહિલા | મહિલા |
| ગણિત | ૧૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૫ | ૨ | ૮ | ૨ |
| અંગ્રેજી | ૧૬ | ૧ | ૦ | ૨ | ૦ | ૩ | ૧ | ૭ | ૨ | ૧૩ | ૩ |
| ભૌતિક વિજ્ઞાન | ૧૪ | ૦ | ૦ | ૨ | ૦ | ૩ | ૦ | ૭ | ૨ | ૧૨ | ૨ |
| રસાયણ વિજ્ઞાન | ૧૬ | ૧ | ૦ | ૨ | ૦ | ૩ | ૧ | ૭ | ૨ | ૧૩ | ૩ |
| જીવ વિજ્ઞાન | ૧૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ | ૫ | ૨ | ૮ | ૨ |
| કુલ: | ૬૬ | ૨ | ૦ | ૮ | ૦ | ૧૩ | ૨ | ૩૧ | ૧૦ | ૫૪ | ૧૨ |

**શૈક્ષણિક અને અન્ય લાયકાત:**

૧. માન્ય યુનિવર્સિટી કે શૈક્ષણિક સંસ્થાના સંબંધિત વિષયની અનુસ્નાતકની ડીગ્રી ધરાવતા હોવા જોઈએ અને માન્ય યુનિવર્સિટી કે શૈક્ષણિક સંસ્થાના તાલીમી સ્નાતકની ડીગ્રી ધરાવતા હોવા જોઈએ.

૨. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવતી ટીચર્સ એપ્ટીટ્યુડ ટેસ્ટ (TAT) ની પરીક્ષા ૫૦% કે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવી જોઈએ. (TAT) ની પરીક્ષાના મેળવેલ ગુણ પ્રથમ પરિણામની તારીખથી પાંચ વર્ષ સુધી જ માન્ય ગણાશે.

૩. કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

૪. ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**વય મર્યાદા:**

અરજદારની મહત્તમ વય મર્યાદા જાહેરાતની તારીખે ૩૯ વર્ષથી વધુ ન હોવી જોઈએ. તેમ છતા હાલમાં સરકારી નોકરીમાં ચાલુ હોય તેવા ઉમેદવારો, અનમાત વર્ગો, મહિલાઓ તથા શારિરીક રીતે અશકતતા ધરાવતા તથા માજી સૈનિકો માટે ઉપલી વય મર્યાદામાં સરકારશ્રીના નિયમો અનુસાર છૂટ મળવાને પાત્ર રહેશે.

- ઉપરોકત ભરવાની થતી ૬૬ જગ્યાઓ પૈકી ૦૧ જગ્યા (૦૧ જગ્યા LV - Low vision મોડરેટ, ૦૧ જગ્યા HH – Hearing handicapped મોડરેટ અથવા ૦૧ જગ્યા PH – Physically handicapped મોડરેટને પ્રાથમિકતા આપવાની રહેશે) શારિરીક રીતે અશકતતા ધરાવતા ઉમેદવારથી ભરવાની રહેશે. આ પ્રકારની કેટેગરીના વિકલાંગ ઉમેદવાર ન મળે તો અન્ય કેટેગરીના વિકલાંગ ઉમેદવારથી જગ્યા ભરી શકાશે.
- ધ રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબિલીટીઝ એક્ટ-૨૦૧૬ અન્વયે વિકલાંગ વ્યક્તિઓ માટેની જગ્યામાં ફેરફારને અવકાશ રહેશે.
- ઉપરોકત ભરવાની થતી ૬૬ જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટે ૧૦% અનામત પ્રમાણે અગાઉની કેરી ફોરવર્ડ તેમજ હાલની ભરતી અન્વયેની મળીને કુલ ૧૪ જગ્યાઓ માજી સૈનિક ઉમેદવારથી ભરવાની રહેશે.
- ઉમેદવારે આ ખાતાની વેબસાઈટ http://ctdrecruitment.orpgujarat.com ઉપર આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ તેની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે. અરજી મોકલવા માટે આ વેબસાઈટ તા. ૧૮/૧૧/૨૦૧૮ ના સાંજના ૧૭.૦૦ કલાક સુધી જ ચાલુ રહેશે. આ અંગેની વધુ જાણકારી/વિગતો વેબસાઈટ http://ctdrecruitment.orpgujarat.com પરથી મેળવી લેવાની રહેશે.

**સભ્ય સચિવ**
**(આ.નિ.શાળાઓમાં મ.શિ.ની ભરતી સમિતિ) અને**
**નાયબ કમિશનર, આદિજાતિ વિકાસ,**
**ગુજરાત રાજય, ગાંધીનગર.**